**(૫૦)**

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૪)**

૧. બે વખત **આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે, મહિનામાં બે, ચાર અને છ** પૌષધ

૨. મિત્તી મે **સવ્વભૂએસુ વેર મજ્ઝં ન કેણઈ** એવમહં

૩. અભિગ્રહિક **મિથ્યાત્વ અનાભિગ્રહિક મિથ્યાત્વ અભિનિવેશિક મિથ્યાત્વ શાંસયિક મિથ્યાત્વ** અણાભોગ

૪. સાણા **વચ્છા દારા સંઘટ્ટણાએ મંડી પાહુડિયાએ બલિ પાહુડિયાએ** ઠવણા

૫. કસાએહિં **કોહ કસાએણં માણ કસાએણં માયા કસાએણં લોહ કસાએણં** પડિક્કમામિ

૬. મણુન્નં **મણામં ધિજ્જં વિસાસિયં સમયં** અણુમયં

૭. ઈટ્ઠં **કિઆ જીવા સિજ્ઝંતિ બુજ્ઝંતિ** મુચ્ચંતિ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૭)**

| | જવાબ |
|---|---|
| ૧. અવજ્ઝાણાચરિયં | **માઠું ધ્યાન ધરવાથી** |
| ૨. અહોકાયં | **આપના ચરણોને** |
| ૩. સઈઅંતરદ્ધાએ | **સંદેહ પડ્યા છતા આગળ વધાયું હોય** |
| ૪. કઓ | **કર્યા હોય** |
| ૫. ચક્કવટ્ટીણં | **ધર્મ ચક્રવર્તી રૂપ** |
| ૬. પેયાલા | **પ્રધાન, મોટા** |
| ૭. માલાવન્નગ | **ફૂલોની માળા, ચંદન વગેરે** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૮)**

| | જવાબ |
|---|---|
| ૧. મુખવાસ આદિ | **સાઈમં** |
| ૨. ભલી દૃષ્ટિથી | **સુદિટ્ઠ** |
| ૩. પગરખાની જાત અને સંખ્યાની મર્યાદા | **ઉવાણહ વિહિં** |
| ૪. પોતાની સ્ત્રીથી સંતોષ રાખવો | **સદાર સંતોષિએ** |
| ૫. અર્થરૂપ આગમ | **અત્થાગમે** |
| ૬. શિક્ષાવ્રત | **સિક્ખાવયાણં** |
| ૭. પોતે રાગ–દ્વેષને જીતનારા | **જિણાણં** |
| ૮. થાપણ સંબંધી જૂઠ | **થાપણમોસો** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. અણુવ્રત કોને કહેવાય છે? તેનું પાલન કોણ કરે છે?

**જ. જે વ્રતોમાં હિંસાદિ પાપોનો મર્યાદિત ત્યાગ કરાય છે, મહાવ્રતની અપેક્ષાએ નાના છે. શ્રાવક.**

૨. ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત એટલે શું?

**જ. ઉપભોગ–પરિભોગ યોગ્ય વસ્તુઓની મર્યાદા કરવી. સાતમા વ્રતમાં બતાવેલ ૨૬ બોલની મર્યાદા કરવી અને ૧૫ કર્માદાનનો ત્યાગ કરવો.**

૩. પ્રહર એટલે શું? પૌષધ કેટલા પ્રહરનો કરાય છે?

**જ. પ્રહર એટલે દિવસ અને રાત્રિનો ચોથો ભાગ. સંપૂર્ણ પૌષધ ૮ પ્રહરનો થાય છે. માત્ર રાત્રિ પૌષધ કરવો હોય તો ચાર પ્રહરનો ગ્રહણ કરી શકાય છે.**

૪. સૂક્ષ્મ એકેન્દ્રિયને હણવાના પચ્ચકખાણ શા માટે કરવામાં આવે છે?

**જ. સૂક્ષ્મ જીવો આપણાથી માર્યા મરતા નથી, બાળ્યા બળતા નથી, પણ તેમની હિંસાના પચ્ચકખાણ ન કરેલ**

**હોય તો અપચ્ચકખાણની ક્રિયા દ્વારા પાપ લાગે છે માટે.**

૫. તીર્થંકરને કેટલા દાન દેવામાં આવે છે? તે વ્રતની કોટિ કેટલી? અતિચાર કેટલા?

**જ. ૧૦ દાન. વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ સિવાયના. કોટિ ન હોય. અતિચાર પાંચ.**

૬. અદત્તાદાન એટલે શું? તે કેટલા સમયનું છે? કેટલી કોટિથી?

**જ. કોઈપણ વસ્તુને તેના માલિકની આજ્ઞા વિના લેવી તે અદત્તાદાન એટલે કે ચોરી છે. તે જાવજ્જીવનું છે. તેની કોટિ છ છે.**

૭. પરિગ્રહના વ્રતમાં અતિચાર અને અનાચાર કેવી રીતે લાગે છે?

**જ. જે જે બોલની જેટલી મર્યાદા કરી હોય તેનું બેકાળજીથી, અજાણ્યો હિસાબ–કિતાબ નહિ મેળવવાથી ઉલ્લંઘન થયું હોય, તો આ બધી મર્યાદાઓ અતિચાર છે. લોભ આદિને કારણે જાણીજોઈને મર્યાદાનું પાલન ન કરવું તે અનાચાર છે.**

૮. પરમાર્થને જાણવાવાળાથી શું લાભ થાય છે?

**જ. ૧) નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે, ૨) શંકાઓનું નિવારણ થાય છે, ૩) અતિચાર શુદ્ધિ થાય છે, ૪) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ નિર્મળ તથા દઢ થાય છે.**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ધર્મધ્યાનના લક્ષણ કયા કયા છે? (૨×૨)

**જ. આણારુઈ, નિસગ્ગરુઈ, ઉવએસરુઈ, સુત્તરુઈ.**

૨. ત્રણ લોકના ...... સ્પર્શી મૂક્યા છે.

**જ. ત્રણ લોકના સર્વ સ્થાનો સમકિત રહિત કરણી કરીને, આ જીવે અનંતીવાર જન્મ–મરણે કરી સ્પર્શી મૂક્યા છે.**

૩. દુ:ખનું કારણ જાણી શું કરવાનું છે? (૧)

**જ. દુ:ખનું કારણ જાણી આસ્રવ માર્ગ ત્યાગી સંવરમાર્ગ આદરવાનો છે.**

**[30]**

**પ્ર.૨ (અ) ૩૫ બોલના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. દંડક કેટલા છે? ૧ થી ૫ ના નામ લખો.

**જ. ૨૪. સાત નરકનો એક દંડક, અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર.**

૨. દષ્ટિ અને ચારિત્ર એટલે શું?

**જ. દષ્ટિ – તત્ત્વ વિચારણાની પદ્ધતિ. ચારિત્ર – જે આવતા કર્મને રોકે છે. સંયમરૂપ આચરણ.**

૩. બંધના ભેદ લખો.

**જ. પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાગ બંધ, પ્રદેશ બંધ.**

૪. શ્રાવકના ૬ થી ૯ ગુણ લખો.

**જ. પાપભીરુ, શ્રદ્ધાવંત, ચતુરાઈયુક્ત, લજ્જાવાન.**

૫. યોગ એટલે શું? જ્ઞાનના ઉપયોગ કેટલા? કયા?

**જ. યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ. જ્ઞાનના ઉપયોગ ૮ – મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.**

૬. અનુયોગના નામ લખો.

**જ. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.**

૭. વીસમો બોલ કયો છે? તેના બોલ કેવી રીતે થાય છે? માત્ર સંખ્યા લખો.

**જ. છ દ્રવ્યના 30 બોલ. ધર્માસ્તિકાયના–૫, અધર્માસ્તિકાયના–૫, આકાશાસ્તિકાયના–૫, કાળના–૫, પુદ્‌ગલના – ૫, જીવના – ૫.**

૮. પહેલે, બારમે, અટ્ઠ્યાવીસમે અને ચોત્રીસમે બોલે શું? બોલનું માત્ર નામ લખો.

**જ. પહેલે બોલે ગતિ ચાર**
**બારમે બોલે પાંચ ઈન્દ્રિયના વિષય ૨૩**
**અટ્ઠ્યાવીસમે બોલે સમકિત પાંચ**
**ચોત્રીસમે બોલે પાખંડીના ૩૬૩ ભેદ.**

**(૨) જોડકા જોડો.** **(૪)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. આહાર | ૧. અજીવ | **૩. પર્યાપ્તિ** |
| ૨. કાળ | ૨. દંડક | **૫. સમવાય** |
| ૩. શુક્લ | ૩. પર્યાપ્તિ | **૮. લેશ્યા** |
| ૪. સ્કંધ | ૪. રસ | **૧. અજીવ** |
| ૫. ધર્મ | ૫. સમવાય | **૬. ધ્યાન** |
| ૬. સુવર્ણકુમાર | ૬. ધ્યાન | **૨. દંડક** |
| ૭. બિભત્સ | ૭. પ્રમાણ | **૪. રસ** |
| ૮. આગમ | ૮. લેશ્યા | **૭. પ્રમાણ** |

**(બ) સંસ્કાર વિભાગના આધારે લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. ક્રોધી ગુસ્સાના કારણે શું કરે છે?

**જ. ૧) પોતાની તંદુરસ્તી ગુમાવે છે. ૨) વેર-ઝેર ઊભા કરે છે. ૩) ગુસ્સાના આવેશમાં ક્યારેક હત્યા પણ કરી બેસે છે.**

૨. ટી.વી. જોવાથી શેની બરબાદી થાય છે? શેનો નાશ થાય છે? શું બંધાય છે

**જ. સમયની બરબાદી થાય છે. પૈસા અને સભ્યતાનો નાશ થાય છે. સામુદાયિક કર્મ બંધાય છે.**

૩. ફટાકડા ફોડવાથી શેનો નાશ થાય છે? તે કયો તહેવાર છે?

**જ. દયા અને પરોપકારના સંસ્કાર નાશ પામે છે, પુણ્યનો નાશ થાય છે. તે લૌકિક તહેવાર છે.**

૪. અન્ય ધર્મ અને જૈન ધર્મ મોક્ષ માટે શું માને છે? ધર્મ કોને કહે છે?

**જ. અન્ય ધર્મ ફક્ત સ્વર્ગ અને નરકને માને છે, વળી સ્વર્ગ અને મોક્ષ એક જ માને છે. જ્યારે જૈનધર્મ દરેક જીવ પરમાત્મા થઈ શકે છે એવું માને છે. વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૨)**

| | જવાબ |
|---|---|
| ૧. પ્રશંસાને ધર્મની ભાષામાં ...... કહે છે. | **ગુણાનુરાગ** |
| ૨. જે ધર્મ આત્માને ...... બનાવી મોક્ષ અપાવે તે જ ..... ધર્મ છે. | **કર્મરહિત, શ્રેષ્ઠ** |
| ૩. ફટાકડા ......, ...... અને ...... વ્યય કરે છે. | **સમય, શક્તિ, સંપત્તિનો** |
| ૪. અભિમાન કરનાર પોતાના ...... અને ...... ગુમાવે છે. | **મિત્રો, પ્રેમ** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. મેઘરથ રાજાનું નામ શાંતિનાથ કેમ રાખવામાં આવ્યું? **(૧×૨)**

**જ. ગર્ભમાં આવતા જ રાજ્યમાં મરકીનો રોગ થયો હતો તે શાંત થઈ ગયો હતો, તેથી શાંતિનાથ નામ રાખવામાં આવ્યું.**

૨. રોહિણેય ચોરને રાજાએ નામ અને ગામ પૂછ્યું તો રોહિણેયે શું કહ્યું?

**જ. નામ – દુર્ગચંડ અને ગામ – શાલિગ્રામ.**

૩. ધર્મઘોષ મુનિ પાસે ધર્મ સાંભળી શાલિભદ્રએ માતાને શું કહ્યું? (૨×૨)

**જ. માતા ! આજે મેં નિર્ગ્રંથ ગુરુ પાસે ઉપદેશ સાંભળ્યો છે, ધર્મ સંસારના સર્વ દુ:ખોથી દૂર કરાવનાર છે. મને તે ધર્મ પ્રત્યે રુચિ અને શ્રદ્ધા થઈ છે, તેથી હું પણ મારા પિતાના પગલે ચાલી દીક્ષા લેવા માંગું છું.**

૪. ચંપાનગરીમાં કેટલા બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા? તેમના અને તેમની પત્નીના નામ લખો.

**જ. ત્રણ. સોમ, સોમદત્ત અને સોમભૂતિ. નાગશ્રી, ભૂતશ્રી અને યશશ્રી.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. આ ચોર ઘણો જ હોંશિયાર છે. | **અભયકુમાર મંત્રીએ વિચાર્યું** |
| ૨. મને આપ ક્ષમા આપો. | **દેવે મેઘરથ રાજાને કહ્યું.** |
| ૩. મારો દીકરો ખીર ખાવા માંગે છે. | **ધન્યાએ આજુબાજુના લોકાને કહ્યું.** |
| ૪. બીજો નિર્દોષ આહાર લાવીને વાપરો. | **ધર્મઘોષ આચાર્યે ધર્મરુચિ અણગારને કહ્યું.** |

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. સુંદર ........ ખેલ્યા કરું. | **પાના નં. ૧૩૪ કડી ૧૫** |
| ૨. હું શુદ્ધ ......... ફેરા ફર્યા. | **પાના નં. ૧૩૫ કડી ૨૧** |
| ૩. અથવા ......... વાત ક્યાં? | **પાના નં. ૧૩૫ કડી ૨૪** |
| ૪. નમું ......... તીર. | **પાના નં. ૧૩૬ કડી ૧/૨** |
| ૫. શ્રી ઋષભ ......... પહુંત. | **પાના નં. ૧૩૬ કડી ૯/૧૦** |

**જય – જિનેન્દ્ર**